**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
**ગુ.રા., સેક્ટર-૧૮, ગાંધીનગર.**

જીસ્વાન/ફેક્સ

ક્રમાંક : જી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/ /૨૦૧૩
તા. ૧૯-૧૨-૨૦૧૩

પોલીસ કમિશ્નરની કચેરી
અમદાવાદ શહેર
તારીખ: ૧૨/૧૨
અધિક પો. કમિ.(વ):
કચેરી અધિક્ષક (તપાસ):
મુખ્ય કારકુન

<u>સ્થાયી હુકમ નંબર : ૦૧/૨૦૧૩</u>

વિષય :. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવા/દાખલ કરવા અંગે.

વંચાણે લીધા : (૧) નામદાર સુપ્રિમ કોર્ટ રિટ પીટીશન(ક્રિમીનલ) નંબર ૬૮/૨૦૦૮ તા. ૧૨/૧૧/૨૦૧૩ નો ચુકાદો અને તેમાં જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો.
(૨) સરકારી વકીલશ્રી અને પબ્લીક પ્રોસીક્યુટર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના તા. ૧૬/૧૧/૨૦૧૩ નો પત્ર.

ઉપરોક્ત વિષય તથા હવાલા અન્વયે સવિનય જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા રિટ પીટીશન(ક્રિમીનલ) નંબર ૬૮/૨૦૦૮ લલીતાકુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના કેસમાં તા. ૧૧/૧૨/૨૦૧૩ ના રોજ પોલીસ સ્ટેશનો ખાતે ફરીયાદ નોંધવા બાબતે મહત્વનો ચુકાદો આપેલ છે. જે અન્વયે સરકારી વકીલશ્રી, ગુજરાત હાઇકોર્ટ નાઓને તેમના વંચાણે લીધા પત્ર – ૨ થી નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોનો ચુસ્ત પણે પાલન કરવા જણાવેલ છે.

➢ ઉક્ત બાબતે અત્રેની કચેરીના યાદી પત્ર ક્રમાંક : જી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/૨૨૯૮/૨૦૧૩ તા. ૦૯/૦૭/૨૦૧૩ થી આપેલ સુચનાઓ ની સાથે નામદાર સુપ્રિમ કોર્ટ તરફથી આપેલ નીચે જણાવેલ નિર્દેશો બાબતે ચુસ્ત અમલવારી કરવા/કરાવવા વિનંતી છે.

(i) જ્યારે કોઇ ગુન્હો કોગ્નીઝેબલ બનતો હોય અથવા તો આ પ્રકારની માહિતી જ્યારે પોલીસ સ્ટેશનમાં આવે ત્યારે આવી માહીતીના આધારે એફ.આઇ.આર. નોંધવી ફરજીયાત છે. જ્યા ગુન્હાની માહિતી કોગ્નીઝેબલ ઓફેન્સ(ગુન્હો) થતો હોય, એટલે કે ગુન્હા અંગેની માહીતી એવી હોય કે તે માહિતી કોગ્નીઝેબલ ગુન્હો દર્શાવતી હોય ત્યારે તેવા કેસમાં કોઇ જ પ્રાથમિક તપાસ કરવાની જરૂર નથી. અને તેવા ગુન્હામાં પ્રાથમિક તપાસ કરવી નહી પરંતુ તે ગુન્હાની તાત્કાલીક નોંધ કરવી.

(ii) જ્યારે કોઇ ગુન્હા અંગેની માહીતી કોગ્નીઝેબલ ગુન્હો જાહેર કરતી ન હોય અને તે માહિતી અંગે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે તેવા સંજોગોમાં પ્રાથમિક તપાસ કરવી જોઇએ અને આ પ્રાથમિક તપાસ એટલા વિષય પુરતી જ કરવાની રહેશે કે તે ગુન્હા અંગેની માહિતી કોગ્નીઝેબલ ગુન્હો જાહેર કરે છે કે નહી.

(iii) જો આ પ્રકારની તપાસમાં કોગ્નીઝેબલ ગુન્હો બન્યો છે તેવુ દર્શાવતી હોય ત્યારે તેવા ગુન્હા અંગે એફ.આઇ.આર. તુરંત જ નોંધવી. જો આવી તપાસને અંતે એવુ જણાય છે કે કોઇ કોગ્નીઝેબલ ગુન્હો બન્યો નથી અને તેથી આ ફરીયાદ અંગે આવેલી માહીતીનુ કોગ્નીઝન્સ લેવુ જરૂરી નથી. ત્યારે તેવા સંજોગોમાં જે વ્યક્તિએ આ ગુન્હાની માહિતી મોકલાવેલ છે તેને આ ફરીયાદ અન્વયે કરેલી

Akhil Gujarat Truck Transport Association
13-1-14

ઇન્કવાયરીના અંતે આ ચેપ્ટર બંધ કરેલ છે તેવી માહિતી મોકલવાની રહેશે. આ અંગેની એન્ટ્રી કરી ફરીયાદીને તુરંત જ એક અઠવાડીયાથી મોડા નહી તેટલા સમયમાં જાણ કરવાની રહેશે.

આ રીપોર્ટમાં આવી ફરીયાદ શા માટે આગળ વધારવામાં આવી નથી અને તેને ક્લોઝ(બંધ) ... આવી છે તે અંગેના અને તેને શા માટે ક્લોઝ(બંધ) કરવામાં આવી છે તેના ટુંકા કારણો ફરીયાદીને જણાવવાના રહેશે.

(iv) જ્યારે કોઇ કોગ્નીઝેબલ ગુન્હો બને છે ત્યારે પોલીસ ઓફીસર આવી ફરીયાદ નોંધવા કાયદાથી બંધાયેલ છે અને તેઓ આવી ફરીયાદ નહી નોંધી તેમની ફરજમાંથી છટકી શક્તા નથી. યોગ્ય સત્તાધિકારીઓએ આવા કસુરદાર પોલીસ ઓફીસર કે જેને ફરીયાદ કોગ્નીઝેબલ ગુન્હો બને છે તેવુ દર્શાવતી હોય છતા પણ જો જે તે પોલીસ અધિકારીએ આવી ફરીયાદ નોંધી નહી હોય તો તેવા કસુરવાર પોલિસ અધિકારી સામે જરૂરી પગલા લેવાના રહેશે.

(v) પ્રાથમિક તપાસનો(સ્કોપ) કાર્યક્ષેત્ર માત્ર એટલો પુરતો રહેશે. એટલે કે પોલીસ અધિકારીએ એટલી જ તપાસ કરવાની રહેશે કે તેમની પાસે આવેલી માહીતી કોગ્નીઝેબલ ગુન્હો બને છે કે નહી પોલીસ અધિકારીએ ફરીયાદીએ આપેલી આ માહીતીની સચ્ચાઇ અથવા તો તેની યોગ્ય કે અન્ય વિષયોમાં જવાની જરૂરી નથી. ફરીયાદ નોંધતાં પહેલા કેવા પ્રકારના ગુન્હાઓમાં પ્રાથમિક તપાસ કરવી જરૂરી છે. તે દરેક કેસમાં સંજોગો પર આધારીત રહેશે.

નીચે પ્રમાણેના કેસોમાં ફરીયાદ નોંધતા પહેલા પ્રાથમિક તપાસ કરવી હોય તો કરી શકાશે.

(A) લગ્ન વિષયક બાબતોની તકરારો/કૌટુંબિક તકરારો.

(B) વેપાર અને વાણીજ્ય વિષયને લગતા ગુન્હાઓ.

(C) મેડીકલ/ડોકટરની બેદરકારીને લગતા કેસો.

(D) ભ્રષ્ટાચાર અંગેના કેસો.

(vi) એવા કેસો કે જેમાં ખુબ જ લાંબો સમય પછી ફરીયાદ કરવામાં આવી હોય દા.ત. એવા કેસોમાં કે જેમાં ત્રણથી વધારે મહીનાનો ડીલે(ઢીલ) થઇ હોય અને આ બાબતે ફરીયાદીએ કોઇ સંતોષકારક ખુલાસો આપેલ ન હોય. ઉપરોક્ત દ્રાષ્ટાંતો દાખલારૂપ છે અને તે આખરી કે અંતિમ નથી. પ્રાથમિક તપાસ માટે ઉપરોક્ત દ્રાષ્ટાંતો માત્ર દાખલારૂપ છે.

(vii) પોલીસ અધિકારીએ ફરીયાદી અને તહોમતદારોના આધિકારોનુ યોગ્ય રીતે રક્ષણ થાય તે બાબતો ધ્યાનમાં રાખીને આ રીતે નિશ્રિત સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ પુર્ણ કરવી જોઇએ અને આ તપાસ સાત દિવસની અંદર પુર્ણ થઇ જવી જોઇએ. આ કાર્યવાહીમાં મોડું થાય તો તેના કારણો જનરલ ડાયરીમાં એન્ટ્રી કરીને મુકવા જોઇએ.

(viii) પોલીસ સ્ટેશનોમાં/સ્ટેશન ડાયરી અને ડેઇલી ડાયરીઓમાં તમામ પ્રકારની માહીતી રાખવામાં આવે છે. તેથી, કોગ્નીઝેબલ ગુન્હા અંગે જે કોઇ માહીતી આવી હોય કે જે માહીતી આધારે ફરીયાદ નોંધાઇ હોય અથવા તો આવી માહીતીના આધારે અથવા આવી માહીતી અંગે પ્રાથમિક તપાસ કરી હોય

ત્યારે તેવી માહીતી ફરજીયાત પણે અક્ષરક્ષઃ અને ચોક્કસાઇથી ઉપરોક્ત ડાયરીમાં નોંધવી જોઇએ અને પ્રાથમિક તપાસનો હુકમ પણ આવી ડાયરીઓમાં નોંધાયેલો હોવો જોઇએ.

(ix) નામદાર સુપ્રિમ કોર્ટના આદેશોનુ ચુસ્તપણે પાલન કરવુ તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓની ફરજ છે. નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત આદેશના અર્થઘટન કરતી વખતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટનાં અંગ્રેજીમાં કરેલા આદેશોને સત્તાવાર ગણી તેવા કરેલા આદેશોને સર્વોપરી ગણવા અત્રેથી સુચના છે.

આ સ્થાયી હુકમ તમામ અધિકારીઓ, પોલીસ સ્ટેશનના તમામ અમલદારો તેમજ નીચેના તમામ માણસો સુધી પહોચે અને આ સ્થાયી હુકમની જાણ થાય તેની કાર્યવાહી સુપરવાઇઝરી અધિકારી દ્વારા ચોક્સાઇ પુર્વક કરાવવી અને ભવિષ્યમાં આ સ્થાયી હુકમની જાણ ન હતી, તેવા કારણોસર ફરીયાદ દાખલ નહી કરવામાં આવે તો આ અમલાવારીમાં નિષ્ક્રિયતા, નિષ્કાળજી અને બેદરકારી બાબતે સિનિયર અધિકારીઓ વિરૂધ્ધ નોંધ લેવામાં આવશે અને જરૂર પડયે સરકારશ્રીને રીપોર્ટ કરવાની ફરજ પડશે. તેની નોંધ લેવી.

બિડાણ : ઉપર મુજબ. પ્ર\1330\11

( પ્રમોદ કુમાર )
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રી,
- તમામ વિભાગીય વડાશ્રી,
- તમામ પોલીસ અધિક્ષકશ્રી(પશ્ચિમ રેલ્વે અમદાવાદ, વડોદરા સહીત)

<u>નકલ સવિનય રવાના</u> :
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
13-1-14